SPIPA
Light the Lamp of Knowledge

## <u>જાહેર નિવિદા</u>

વાહન સુવિધા સેવા(હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગે.

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થામાં વાહન સુવિધા સેવા(હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત પેઢી/એજન્સીઓને અમદાવાદ ખાતે ઓફિસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ(નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૩.૦૦ કલાક વચ્ચે **<u>તા.૧૭/૦૭/૨૦૧૭</u>** સુધીમાં સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ ખાતેની મહેકમ શાખામાંથી અરજી સાથે નાયબ નિયામકશ્રી,(હિસાબ) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ (Deputy Director(Accounts), Sardar Patel Institute of Public Administration, Ahmedabad) ના નામનો **રૂા.૧૫૦૦/-**નો ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે(પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડરો કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાની જરૂરીયાત, સંસ્થાની સ્થિતિ વિગેરેથી સુમાહિતગાર થઈ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવ પત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત સંસ્થાને **<u>તા.૩૧/૦૭/૨૦૧૭</u>** સુધીમાં કચેરીમાં સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. ત્યારબાદ મળેલ ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહી.

વધુ વિગતો જાણવા સંસ્થાની વેબસાઈટ www.spipa.gujarat.gov.in પર સંપર્ક કરવાનો રહેશે.

સ્થળ: સફલ પ્રીલ્યુડની સામે,
પ્રહલાદનગર ગાર્ડન પાસે,
કોર્પોરેટ રોડ, અમદાવાદ-૧૫.
તા.૨૮/૦૬/૨૦૧૭.

નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા
અમદાવાદ

અધીક્ષક
સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા
અમદાવાદ.